દ્વારકા જિલ્લાના નાનકડા ગામના એથ્લેટની વિરાટ સિદ્ધિઃ વિપક્ષની ધરતી પર ૨૦૦ સ્પર્ધકોને પાછળ છોડ્યા

કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામના વિનોદ કરમુરે મલેશિયામાં વૈશ્વિક સ્પર્ધા-૨૪માં મેળવ્યો ગોલ્ડમેડલ

લાંબી કૂદ તથા ઊંચી કૂદમાં ફતેહ મેળવી હવે એશિયન ગેઈમ્સમાં ભાગ લેશે

જામનગર તા. ૨૫ઃ સામાન્ય માણસનું જીવન સીધા રસ્તા જેવું હોય છે, જ્યારે કંઈક કરવાના ભાવ સાથે જીવતા માણસનું જીવન ઉછળતા દરિયા જેવું હોય છે. આવો માણસ જીવે છે, ત્યારે એની અંદર જવાળાઓ ફૂંફાડા મારે છે. અંદરની આગથી જેનું લલાટ ઝળહળે છે. જેની હાજરીથી સામાન્ય લોકોમાં ઈર્ષા અને અહોભાવ ઉભય લાગણી વિના પ્રયત્ને જન્મે છે, અને આવા માણસને ક્રિએટીવ કહેવામાં જરાય અતિશયોક્તિ ન લાગે.

ક્રિએટિવિટી વાસ્તવમાં તો જૂદું જોવાની, જૂદું કરવાની અને જુદું વિચારવાની જિદ્દ છે. આવી જ જિદ્દ મર્યાદાના ઢાંચામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નાનકડા પાનેલી ગામમાં રહેતા ધરતીપુત્ર વિનોદ કરમુરે કરી છે. ગુજરાતની ધરા અને ગુજરાતીઓની છાતી ગજગજ ફૂલે તેવી સિધ્ધી હાંસલ કરી છે. વિનોદ કરમુરે મલેશિયામાં આયોજિત ૧૦મી આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવ ૨૦૨૪માં સુવર્ણ ચંદ્રક મેળવીને દેશ, રાજ્ય અને ગામને ગૌરવ અપાયું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના યુવાનોમાં રહેલી ખેલકૂદની શક્તિને ઉજાગર કરવા માટે રાજ્યમાં ખેલમહાકુંભનો આરંભ કરાવ્યો હતો, જેના થકી આજે રાજ્યના કેટલાય અંતરિયાળ વિસ્તારના યુવાનોએ રાજ્યનું નામ રમતગમત ક્ષેત્રે અગ્રેસર કર્યું છે. જે વાતને વિનોદ કરમુરે પણ સમર્થન આપ્યું છે.

રાજ્યના દરિયાઈ સીમા ઉપર આવેલા દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં નાનકડું પાનેલી ગામ આવેલું છે. આ ગામમાં રામદેભાઈ કરમુર ખેતીવાડી કરીને જીવન નિર્વાહ કરી રહ્યા છે. રામદેભાઈના દીકરા વિનોદે કઠોર પરિશ્રમ, દૃઢ સંકલ્પ સાથે રમત ગમત ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે.

સયુંકત ભારતીય ખેલ ફાઉન્ડેશન દ્વારા આયોજિત મલેશિયા ખાતે ૧૦મી આંતરરાષ્ટ્રીય રમત ઉત્સવ ૨૦૨૪માં ૨૦૦ કરતા વધારે સ્પર્ધકોને પાછળ છોડી લાંબી કૂદ તથા ઊંચી કૂદમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

માત્ર આટલું જ નહિ આગામી એશિયન ગેમ્સ માટે પણ તેમની પસંદગી થઈ હોવાનું વિનોદ કરમુરે જણાવ્યું હતું. નાની ઉમરથી જ રમત ગમત પ્રત્યે રૂચિ ધરાવતા વિનોદે રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભની શરૂઆતએ રમતને પ્રોત્સાહન આપવા તેમજ યુવાનો રહેલ પ્રતિભાને પ્રોત્સાહિત કરી રહ્યું છે.

કુતિયાણામાં અભ્યાસ કરતી વેળાએ વિનોદને રમત ગમત ક્ષેત્રે ખાસ રૂચિ થઈ, ત્યારે જ તેને આ ક્ષેત્રમાં આગળ વધવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો. તે પછી તેણે પોરબંદરમાં કાર્યરત ડી.એલ.એસ.એસ સ્પોર્ટ્સ સંકુલમાં બે વર્ષ સુધી સખત પરિશ્રમ કર્યા પછી ગાંધીનગરમાં પણ ત્રણ વર્ષ સુધી તાલીમ મેળવી હતી. હાલમાં તે આનંદમાં તાલીમ મેળવી આગામી ટુર્નામેન્ટ માટે પરસેવો પાડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, વિનોદે રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં તાલુકા તથા જિલ્લા કક્ષાએ પ્રથમ તથા રાજ્ય કક્ષાએ છઠ્ઠો નંબર પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. આગામી ટુર્નામેન્ટમાં ભાગ લઈ જિલ્લા, રાજ્ય તથા દેશનું નામ રોશન કરશે તેવો આત્મવિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો છે.

વેકેશન પહેલાં પૂર્ણ કરવાનો આદેશઃ

ગુજરાતમાં હાઈસ્કૂલોમાં ચાલી રહેલી પરીક્ષાઓ દરમિયાન ઈ-કેવાયસી માટે આચાર્યોને દબાણ

ખંભાળિયા તા. ૨૫ઃ ગુજરાત રાજ્યની હાઈસ્કૂલોના આચાર્યોને તાજેતરમાં ઈ કેવાયસી કરવા સરકારી અધિકારીઓ દ્વારા ખાસ દબાણ કરીને વેકેશન પડે તે પહેલાં પૂર્ણ કરવા આદેશ કર્યો છે.

સમગ્ર રાજ્યમાં હાલ માધ્યમિક, ઉ.મા. શાળાઓમાં સત્રાંત પરીક્ષાઓ ચાલી રહી છે. બોર્ડના ફોર્મ ભરવાનું ચાલુ છે. શિષ્યવૃત્તિ પોર્ટલ પર કામ ચાલુ છે. સત્રાંત પરીક્ષાના પેપરો તપાસવા તથા પરિણામ બનાવવાનું બાકી છે ત્યારે ઈ કેવાયસી ફરજિયાત વેકેશન પડે તે પહેલા પૂર્ણ કરવાનો હુકમ થયો છે.

સ્કોલરશીપ છાત્રોને મળે તે માટે ઈ-કેવાયસી ફરજિયાત છે. પણ રેશનકાર્ડમાં વિદ્યાર્થીના નામમાં ભૂલ હોય અથવા ના હોય, આધારકાર્ડ સાથે મોબાઈલ નંબર કનેક્ટ ન હોય તેવા કિસ્સામાં ઓટીપી ન આવતા ઈકેવાયસી ન થતાં વાલીઓ તથા અનેક સ્થળે શિક્ષકો અને આચાર્યો પણ કચેરીના ધક્કા ખાઈને કંટાળી ગયા છે તો ઉપરથી તંત્ર દ્વારા આચાર્યને કોઈપણ સંજોગોમાં કામગીરી પૂર્ણ કરવા આદેશ અપાતા સમગ્ર રાજ્યમાં ભારે વિરોધ સાથે રોષની લાગણી પણ ફેલાઈ છે. શિક્ષકો, આચાર્યો પરીક્ષા લે, પરિણામ તૈયાર કરે, પેપર જુએ, બોર્ડના ફોર્મ ભરે કે ઈકેવાયસી કરવા મામલતદાર કચેરીએ ધક્કા ખાય?

ધારાસભ્યો-કલેકટર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં

એસ.બી. શર્મા ગ્રુપ ઓફ એજ્યુ. સંચાલિત શાળાઓ દ્વારા હર્ષોલ્લાસથી નવરાત્રિ ઉત્સવ

જામનગર તા. ૨૫ઃ એસ.બી. શર્મા ગ્રુપ ઓફ એજ્યુકેશન સંચાલિત એસ.બી. શર્મા વર્લ્ડ સ્કૂલ, એસ.બી. શર્મા પબ્લિક સ્કૂલ-જામનગર, એસ.બી. શર્મા પબ્લિક સ્કૂલ - મેઘપર તથા એસ.બી. શર્મા કોલેજ ઓફ નર્સિંગ એન્ડ રિસર્ચ દ્વારા નવરાત્રિ ઉત્સવનું આયોજન તાજેતરમાં એમ.પી.શાહ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. ત્રણેય શાળા તથા નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસથી ભાગ લીધો હતો. જેમાં તાલી રાસ, ટીટોડા, ટીમલી તેમજ ફ્રી સ્ટાઈલ જેવા રાઉન્ડની સ્પર્ધા રાખવામાં આવી હતી.

આ નવરાત્રિ ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ૭૮ વિધાનસભાના ધારાસભ્ય રીવાબા જાડેજા તેમજ ૭૯ વિધાનસભાના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ જામનગર શહેર કલેકટર ભાવિનભાઈ પંડ્યા, જામનગર મહાનગર પાલિકાના પદાધિકારીઓ મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન નિલેષભાઈ કગથરા, શાસક પક્ષ નેતા આશિષભાઈ જોશી, ભાજપ શહેર મહામંત્રી પ્રકાશભાઈ બાંભણીયા, ભાજપ શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતાં. તમામ મહેમાનોનું સ્વાગત એસ.બી. શર્મા પબ્લિક સ્કૂલના પ્રિન્સીપાલ ડો. પૂજા એસ. શર્મા તથા એસ.બી. શર્મા વર્લ્ડ સ્કૂલના પ્રિન્સીપાલ ઉપાસના અવસ્થી દ્વારા કરાયું હતું.

નવરાત્રિ ઉત્સવનું મુખ્ય આયોજન ટ્રસ્ટી શિવ સાગરભાઈ શર્મા, ડાયરેક્ટર પ્રતિકભાઈ શર્મા તથા એજ્યુકેશન ડાયરેક્ટર ડો. સોનમ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

જામનગરમાં દલિત સંઘ દ્વારા

મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટર પેઢીના કામો છીનવી લેવા સામે ઉપવાસ આંદોલન

જામનગર તા. ૨૫ઃ જામનગર મહાનગરપાલિકામાં ઓનલાઈન ટેન્ડરો ભરીને દસ જેટલા કામ જેને મળ્યા છે તેવી સત્યસાંઈ કન્સ્ટ્રકશન કંપનીના કામો કોઈને કોઈ બહાને છીનવી અન્યાય કરવામાં આવતો હોય, દલિત સંઘ દ્વારા છેલ્લા ચાર દિવસથી મનપા કચેરી પાસે ઉપવાસ આંદોલન ચાલી રહ્યું હોવાનું સંસ્થાપક પ્રમુખ કે.જે. વાઘેલાએ જણાવ્યું છે.

સત્યસાંઈ કૃપા કન્સ્ટ્રકશને કામના ઓનલાઈન ટેન્ડરો ભરી મહાનગરપાલિકા, જામનગરની જુદી-જુદી શાખાઓના ૧૦ કામો મેળવેલ, તે કામોના બીલો તેમજ વર્ક ઓર્ડરો આપવામાં યેનકેન પ્રકારે ખોટા અને બનાવટી વાંધા-વચકા કરી ગ્રાન્ટ ફેરના અને શાખા ફેરના બહાને અમારા કામો છીનવી તેઓના મળતિયાઓને આપી આ એજન્સીને નુકસાન કરેલ છે. શ્રી સત્યસાંઈ કૃપા કન્સ્ટ્રકશન તેમજ દલિત સંઘ દ્વારા એકથી અનેક વખત લેખિત-મૌખિક રજૂઆતો કરવા છતાં આ પેઢી ગયેલ જાતિવાદી કમિશ્નર તેમજ સિટી એન્જિનિયરના પેટનું પાણી પણ હલતું નથી અને અન્યાય કરી રહ્યાં હોય તે સામે ન્યાય મેળવવા સંયુક્ત ઉપવાસ આંદોલન ચાલી રહ્યું છે.

પ્રમાણપત્ર એનાયત કરાયુંઃ

લગ્નગીત સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા

દિશ્યાબા પરમાર

જામનગર તા. ૨૫ઃ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ આયોજિત જામનગર સંચાલિત શહેર-જિલ્લાકક્ષાએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં અ કૃતિમાં લગ્નગીત સ્પર્ધામાં ભાગ લઈ નંદવિદ્યા નિકેતન સ્કૂલમાં ધો.૫માં અભ્યાસ કરતી (જામનગર જિલ્લા ભાજપ મીડિયા સેલ કન્વીનર) નરેન્દ્રસિંહ પરમારના દીકરી કુ. દિશ્યાબા પરમારે સમગ્ર જામનગર જિલ્લા અને શહેરમાં તૃતીય સ્થાન મેળવી નંદવિદ્યા નિકેતન સ્કૂલ તથા રાજપૂત સમાજ અને પરમાર પરિવારનું નામ રોશન કર્યું છે. ગુજરાત સરકાર જિલ્લા યુવા વિકાસ અધિકારી જામનગર દ્વારા નંદવિદ્યા નિકેતનના પ્રિન્સીપાલ રાધેશ્યામ પાંડેએ પ્રમાણપત્ર એનાયત કર્યું હતું.

બન્નેનું શાલ ઓઢાડી સન્માન કરાયુંઃ

હોમગાર્ડઝના અધિકારીઓને વયનિવૃત્તિ થતા વિદાયમાન

જામનગર હોમગાર્ડઝ વિભાગમાં સિટી 'એ' યુનિટના સેકશન લીડર જીતેન્દ્ર પ્રતાપભાઈ ચુડાસમા તથા હોમગાર્ડઝ જવાન હરેશભાઈ કાંતિલાલ ભદ્રેશા વયમર્યાદાના કારણે હોમગાર્ડઝમાંથી નિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગિરીશભાઈ સરવૈયા, જયેશભાઈ રાણા, હરૂભા જાડેજા, રાજેન્દ્ર ઓઝા, હિતેષ જેઠવા, કૈલાષ જેઠવા, હિમાંશુ પુરોહિત, જયેન્દ્ર કરણારિયા, જીજ્ઞાશાબેન અંબાસણા વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં અને બન્ને નિવૃત થનાર અધિકારી, જવાનને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

સપડા પાસેથી મળી આવ્યોઃ

સત્તર વર્ષ પહેલાંના દારૂબંધી ભંગનો આરોપી દબોચાયો

જામનગર તા. ૨૫ઃ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ૧૭ વર્ષ પહેલાં નોંધાયેલા દારૂબંધીના ગુન્હામાં નાસી ગયેલા શખ્સને પેરોલ ફર્લો સ્કવોડે સપડા પાસેથી દબોચી લીધો છે.

ધ્રોલ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૮માં દારૂબંધી ભંગનો એક ગુન્હો નોંધાયો હતો. જેમાં પોલીસે હાથ ધરેલી તપાસમાં ધાનપુર તાલુકાના કોઠડી રાણ્યા ગામના નરશીભાઈ પૂનાભાઈ (ઉ.વ.૬૭) નામના શખ્સની સંડોવણી ખૂલી હતી.

ગુન્હો નોંધાયા પછી આ શખ્સ નાસી ગયો હતો. તે આરોપી જામનગર-કાલાવડ રોડ પર સપડામાં આવ્યો હોવાની બાતમી પરથી ઘસી ગયેલી પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ વાય.બી. રાણા તથા સ્ટાફે આ આરોપીને પકડી પાડી તેનો કબ્જો ધ્રોલ પોલીસ સ્ટેશનને સોંપી આપ્યો છે.

તમાકુ મુક્ત યુવા અભિયાન હેઠળ

દ્વારકા જિલ્લાની ૩૯ શાળાઓમાં જનજાગૃતિ કાર્યક્રમો

ખંભાળીયા તા. ૨૫ઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ અંતર્ગત જનજાગૃતિ માટે ૩૯ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે તમાકુથી દૂર રહેવા પ્રતિજ્ઞા, સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજાયા હતાં.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા તમાકુ મુક્ત યુવા અભિયાન ૨.૦ ચલાવવામાં આવી રહ્યું છે, જે અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને એપેડેમીક મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ જિલ્લાની ૩૯ જેટલી પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં ટોબેકો અવેરનેસ સ્કૂલ પ્રોગ્રામ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમોમાં તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાના મુદ્દાઓના પાલન માટે આચાર્ય તેમજ સ્ટાફને સમજ આપવામાં આવી હતી. શાળાના બાળકોને તમાકુથી થતાં નુકસાન અંગે માહિતગાર કરી સિગરેટ, બીડી, ગુટખાથી થતાં કેન્સર, વ્યસનને લીધે થતાં માનસિક રોગ વિશે સમજણ આપવામાં આવી હતી. તમાકુ છોડવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૧૨૩૫૬ વિશે માહિતી આપવામાં આવી હતી અને કોઈ પણ પ્રકારના તમાકુનો ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શાળાઓમાં આ વિષય પર ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નાટક, રેલી વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સારું પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

ભાણવડમાં પંથકમાં છેલ્લા ત્રણ મહિના દરમિયાન

એનિમલ લવર્સ ગ્રુપ દ્વારા ૪૧ સાપ-અજગરોને નવજીવન

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળીયા તા. ૨૫ઃ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં પંદરેક વર્ષથી ભાણવડ તાલુકાના ગામડાઓ તથા શહેરમાં સાપ, અજગર, મગર જેવા સરીસૃપો જોવા મળતા હોય ત્યારે રેસ્ક્યૂયરો વિનામૂલ્યે બચાવકાર્ય કરીને પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરે છે. ભાણવડ પંથકમાં ત્રણેક માસમાં ૪૧ જેટલા સાપ-અજગરો ખેતર અને વાડીમાં પાથરેલી ફિશીંગ નેટની જાળમાં ફસાયા હોય એનિમલ લવર્સના સ્વયંસેવકો અશોકભાઈ ભટ્ટ તથા અન્ય સ્વયંસેવકો દ્વારા સફળતાપૂર્વક ફીશીંગ નેટમાં ફસાયેલા ૪૧ સાપોને કાઢીને બચાવ કરીને તેમને પ્રાકૃતિક આવાસોમાં મુક્ત કરાયા હતા ત્યારે માનવતાવાદી પ્રવત્તિ કરતા રેસ્ક્યૂઅરોએ ખેડૂતોને ફીશીંગ નેટના બદલે અન્ય વિકલ્પો અપનાવીને આવા જીવોને જીવ ગુમાવવાનો વારો ન આવે તે જોવા અપીલ કરી હતી.

-: જાહેર નોટિસ :-

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાનાં, જામનગર તાલુકાના મોજે ગામ **લાખાબાવળના** રેવન્યુ સરવે નંબર– **૧૫૦ પૈકી તથા ૧૫૩ તેમજ ૧૫૬** વાળી જમીન જે તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામનગરના તારીખ ૧૦/૧૧/૧૯૯૩ ના હુકમથી રહેણાંક હેતુ માટે બિનખેતીમાં ફેરવાયેલ છે તે જગ્યા પૈકી **પ્લોટ નંબર– ૨૧** વાળી ચોરસ મીટર **૩૦૩૧.૧૮** ના ક્ષેત્રફળની જગ્યા તેના હાલના માલિક **શ્રી મધુસુદન ગોરધનદાસ તન્ના,** રે.જામનગરવાળા પાસેથી ટાઈટલ કલીયરની શરતે ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે.

આ જગ્યા ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો બોજો, કરજ, ચાર્જ કે લિયન હોય કે આ જગ્યાના હાલના માલિકના માલિકી હકક/ટાઈટલ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો–તકરાર, વિવાદ કે દરદાવો હોય અથવા તો આ જગ્યાના વેચાણ સામે કોઈ વાંધો–તકરાર હોય તો તે અંગે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ– ૫ માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજૂઆત કરવી. જો નિયત મુદતમાં લેખિત આધાર પુરાવા સાથે કોઈ વાંધો તકરાર લેવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ જગ્યાનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો–તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની સર્વેએ નોંધ લેવી.

ભરત સુખપરિયા એન્ડ એસોસિએટ્સ
૧૦૩, શ્રી લક્ષ્મીનારાયણ, લીમડા લેન, જામનગર–૩૬૧૦૦૧
ફોન : ૨૫૫૩૭૧૭, ૨૬૭૭૭૭૭, મો. ૯૮૨૫૨ ૧૧૦૮૮
e-mail : kirit@sukhparia.com

નામ બદલાવેલ છે

આથી હું ભાચાણી શરમીન અકમ મારુ નામ સુમાર શરમીનબાનું અબ્દુલગફુર બાદશી ને ભાચાણી શરમીન અકમ લખું છું અને હવે થી હું ભાચાણી શરમીન અકમ પ્રમાણે ઓળખાઈશ.

એડ્રેસ : મુજાવાં મેડી રોડ, ફુલમાં બાઈ મસ્જીદ પાસે, જામનગર.

GETCO

GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LTD
132kV Substation Khambhalia, Near Govt. General Hospital
Salaya Chaar rasta, Dwarka Highway, KHAMBHALIA- 361 305
Regd Office : Sardar Patel Vidhyut Bhavan, Race Course,
Vadodara - 390 007 CIN : U40100GJ1999SGC036018

વીજ પુરવઠો બંધ રહેવાની નોટીસ

નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાંથી વીજ પુરવઠો મેળવતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ તારીખ અને સમયે સબ-સ્ટેશન તથા લાઈનનું અગત્યનું સમારકામ કરવાનું હોઈ, તેમાંથી નીકળતા તમામ ૧૧ કે.વી. ફીડરો પરથી વીજ પુરવઠો મળી શકશે નહી. કામ વહેલું પુરુ થયે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

ક્રમ	સબ-સ્ટેશન નું નામ	પાવર બંધ રહેવાની તારીખ - સમય		
		ફીડરનું નામ	તારીખ - વાર	સમય
૧	૬૬કેવી ચોખંડા	તમામ ૧૧કેવી ફીડરો	૨૮.૧૦.૨૦૨૪ સોમવાર	૦૭:૦૦ થી ૧૮:૦૦
૨	૬૬કેવી મોરજર	તમામ ૧૧કેવી ફીડરો	૨૮.૧૦.૨૦૨૪ સોમવાર	૦૭:૦૦ થી ૧૮:૦૦
૩	૬૬ કેવી બજાના	તમામ ૧૧કેવી ફીડરો	૨૮.૧૦.૨૦૨૪ સોમવાર	૦૭:૦૦ થી ૧૬:૦૦

- કાર્યપાલક ઈજનેર (પ્રવહન), જેટકો, ખંભાળિયા